ગાંધીનગર સમાચાર

કાશ્મીરમાં એક જ દિવસે ત્રણ હુમલા

શ્રીનગર,તા. ૬

જમ્મુ-કાશ્મીરમાં આજે ચાર કલાકના ટૂંકા ગાળામાં જ ત્રણ આતંકવાદી હુમલા કરવામાં આવતા સમગ્ર જમ્મુ-કાશ્મીર હચમચી ઉઠ્યું હતું. આ હુમલાઓમાં ત્રણ પોલીસ જવાનો શહિદ થયા હતા. આતંકવાદીઓએ આજે એક અપરાધમાં તપાસ કરવા માટે પહોંચેલા ત્રણ પોલીસકર્મચારીઓની ઘાતકી હત્યા કરી દીધી હતી. આ ઘટના જમ્મુ-કાશ્મીરમાં સોપીયન જિલ્લાના એક ગામમાં થઈ હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે, આશીપુરામાં એક આતંકવાદી હુમલામાં એક હેડકોન્સ્ટેબલ અને બે કોનસ્ટેબલ સહિત ત્રણ લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. આ પોલીસ જવાનો એક ગુનામાં તપાસના અર્થે પહોંચ્યા હતા. કાશ્મીર ખીણમાં કેટલાક કલાકના ગાળામાં જ પોલીસકર્મીઓ ઉપર બીજો હુમલો કરાયો હતો. આ ઘટનાથી અગાઉ આજે ત્રાસવાદીઓએ બારામુલા જિલ્લાના પટ્ટાણ ખાતે એક પોલીસ અધિકારી પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક પોલીસ અધિકારી ગંભીરરીતે ઘાયલ થયો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, પિસ્તોલ સાથે સજ્જ બે ત્રાસવાદીઓએ એક બસમાં સબ ઈન્સપેક્ટર મુસ્તુફાને એ વખતે ગોળી મારી હતી જ્યારે તે પટ્ટાણ તરફ જઈ રહ્યો હતો. હુમલા બાદ બસચાલક ફરીયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો જ્યારે ઘાયલ પોલીસ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આતંકવાદીઓએ આજે અન્ય એક હુમલાને પણ અંજામ આપ્યો હતો. દક્ષિણ કાશ્મીરમાં પુલવામા જિલ્લાના ત્રાલ ટાઉનશીપમાં એક વ્યક્તિ પર ગોળીબાર કરાયો હતો. પોલીસે કહ્યું છે કે, બંદુકધારીઓએ હિજબુલ મુઝાહિદ્દીન સંગઠનના એક પૂર્વ આતંકવાદી ઉપર ગોળીબાર કર્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં એકસાથે ત્રણ ઘટનાઓ આજે બની હતી. સોપીયન જિલ્લામાં કેટલાક આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આજના હુમલાઓ દર્શાવે છે કે જમ્મુ-કાશ્મીરમાં હજુ પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુપાયેલા છે.

ભાજપના સ્થાપના દિવસની દેશમાં કાર્યકર દ્વારા ઉજવણી

નવી દિલ્હી,તા. ૬

ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસે આજે કાર્યકરોએ દેશભરમાં જુદા જુદા કાર્યક્રમ યોજીને તેની ભવ્ય ઉજવણી કરી હતી. દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ સત્તારૂઢ થયા બાદથી ભાજપે એકપછી એક અનેક રાજ્યોમાં ચૂંટણીમાં જીત મેળવી છે. સૌથી પહેલા મોદી લહેર વચ્ચે લોકસભામાં પ્રચંડ બહુમતિ મેળવી લીધ બાદ કેન્દ્રમા સત્તા મેળવી હતી.ત્યારબાદ હરિયાણા, મહારાષ્ટ્ર સહિતના રાજ્યમાં સત્તા મેળવી હતી. હવે ભાજપે વધુ એક સિદ્ધી મેળવી લીધી છે. તે પ્રાથમિક મેમ્બરશીપના દ્રષ્ટિએ સૌથી મોટી પાર્ટી વિશ્વની બની ગઈ છે. તે હિન્દુ રાષ્ટ્રીય સંગઠન રાષ્ટ્રીય સ્વય સેવક સંઘ સાથે સંસ્થાકીય સંબંધો ધરાવે છે. બાજપની મૂળભૂતરીતે રચના શ્યામા પ્રસાદ મુખર્જીએ વર્ષ ૧૯૫૧માં ભારતીય જન સંઘના રૂપમાં કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૭માં ઇમરજન્સી બાદ જન સંઘ અન્ય કેટલાક પક્ષો સાથે મર્જ થઈ જતા જનતા પાર્ટીની રચના કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૭૭માં કોંગ્રેસની હાર થઈ હતી. સત્તામાં ત્રણ વર્ષ સુધી રહ્યા બાદ જનતા પાર્ટીને વિખેરી દેવામાં આવી હતી. ત્યારબાદ તેનામાંથી અલગ થયેલા સભ્યોએ ભાજપની રચના કરી હતી. વર્ષ ૧૯૮૪મા જે સામાન્ય ચૂંટણી થઈ હતી તેમાં ભાજપને માત્ર બે સીટ મળી હતી. પરંતુ ત્યારબાદ રામજન્મભૂમિ ચળવળ અને અન્ય કાર્યક્રમો ના લીધે તેની લોકપ્રિયતા સતત વધતી ગઈ હતી. મોદી વડાપ્રધાન બન્યા બાદ ભાજપની લોકપ્રિયતા હવે ચરમસીમાએ પહોંચી છે. ભાજપ આજની તારીખમાં સાથી પક્ષોની સાથે મળીને ૧૩ રાજ્યોમાં સત્તા ધરાવે છે. આજે ભાજપના સ્થાપના દિવસે વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મોટી સંખ્યમાં કાર્યકરો હાજર રહ્યા હતા.

આઈપીએલ-૮ : આજે રંગારગ કાર્યક્રમોની વચ્ચે ઉદ્‌ઘાટન

કોલકત્તા,તા. ૬

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮ની મેચોની રોમાંચક શરૂઆત થાય તે પહેલા આવતીકાલે મંગળવારે કોલક્તાના સોલ્ટલેક સ્ટેડિયમ ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાનાર છે. જેની તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. આવતીકાલે સાંજે ૭.૩૦ વાગ્યાથી બે કલાકના રંગારંગ અને દિલધડક કાર્યક્રમની શરૂઆત થશે. જુદા જુદા ક્ષેત્રોની તમામ ટોચની હસ્તીઓ પણ અહીં પહોંચનાર છે. જેના કારણે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. બોલિવુડની તમામ ટોચની હસ્તીઓ પરફોર્મ કરનાર છે. જેમાં રિતિક રોશન, ફરહાન અક્તર, શાહીદ કપુર, અનુષ્કા શર્મા, પ્રિતમનો સમાવેશ થાય છે. બોર્ડની યાદીમાં કહેવામાં આવ્યું છે કે અભિનેતા સેફ અલી ખાન હોસ્ટ તરીકે નજરે પડનાર છે. તમામ આઠ ટીમોના કેપ્ટન પણ હાજરી આપશે. વર્તમાન ચેમ્પિયન કોલક્તા નાઈટ રાઈડર્સના કેપ્ટન ગૌતમ ગંભીર દ્વારા રમતમાં ટ્રોફી મુકવામાં આવશે આની સાથે જ આની શરૂઆત થશે. બે

કલાકના રંગારંગ કાર્યક્રમની શરૂઆત સાંજે ૭.૩૦ વાગે થશે અને રાત્રે ૯.૩૦ સુધી ચાલશે. સ્થળના ગેટને સાંજે પાંચ વાગે ખોલી દેવામાં આવશે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ માટેની ટિકિટની કિંમત ૨૦૦રૂપિયાથી શરૂ થશે. જેની ક્રિકેટ ચાહકો હવે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે આઈપીએલની શરૂઆત થવા જઈ રહી છે. બીસીસીઆઈ દ્વારા સોલ્ટલેક સ્ટેડિયમ ખાતે આયોજિત આઈપીએલના ભવ્ય ઓપનિંગ કાર્યક્રમ માટે ૩૦૦૦૦ ટિકિટ વેચી દેવાનો જ નિર્ણય કર્યો છે. મર્યાદિત ટિકિટોનુ વેચાણ કરવામાં આવનાર છે.

સાતમી એપ્રિલના દિવસે ઓપનિંગ કાર્યક્રમ યોજાશે. જેમાં બોલિવુડના કેટલાક કલાકારો પરફોર્મ કરનાર છે.ઓપનિંગ કાર્યક્રમમાં બોલિવુડના ટોપ કલાકારો પરફોર્મ કરનાર છે. જેમાં રિતિક રોશન, શાહિદ કપુર, અનુષ્કા શર્મા અને ફરહાન અખ્તરનો સમાવેશ થાય છે. ટિકિટની કિંમત ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૫૦૦, ૬૦૦ અને ૧૫૦૦ રૂપિયા રહેશે. આઈપીએલની તમામ તૈયારી કરવામાં આવી રહી છે. હવે આઈપીએલની રોમાંચકતા રહેશે. તમામ ટીમો જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. વર્લ્ડ કપની પૂર્ણાહુતિ થયા બાદ હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત ૮મી એપ્રિલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી-૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ૧૨મી એપ્રિલથી ૨૫મી એપ્રિલ દરમિયાન મ્યુનિસિપલ ચુંટણી હોવાથી કોલકત્તામાં કોઈપણ મેચ રમાનાર નથી.

શક્તિશાળી મિસાઈલોને ટ્રેક કરવા રડાર સ્થાપિત

નવી દિલ્હી,તા. ૬

દેશના પાટનગર નવી દિલ્હીને હવે પરમાણુ મિસાઈલ સિક્યોરિટી કવર આપવાની દિશામાં નરેન્દ્ર મોદી સરકારે આગેકુચ કરી દીધી છે. આવા કવર બેજિંગ અને વોશિંગ્ટન જેવા શહેરોને પહેલાથી જ મળેલા છે. જાણકાર સુત્રોએ માહિતી આપતા કહ્યુંછે કેલાંબા અંતર સુધી પ્રહાર કરવામાં સક્ષમ રહેલી મિસાઈલોને ટ્રેક કરવાની ક્ષમતા ધરાવનાર બે રડાર નેશનલ કેપિટલ રીજનમા ગોઠવી દેવામાં આવ્યા છે. આ કવરનુ કામ પૂર્ણ થયા બાદ આ સિલ્ડ ૫૦૦૦ કિલોમીટરના અંતરથી ફાયર કરવામાં આવેલી મિસાઈલોને વચ્ચે જ ઇન્ટરસેપ્ટ કરી લેશે. મામલાની માહિતી ધરાવનાર વરિષ્ઠ અધિકારીઓનુ કહેવુ છે કે રડાર સ્થાપિત કરવાની બાબત દેશના મોટા શહેરોને મિસાઈલ કવર આપવાની પ્રક્રિયાનો હિસ્સો છે. આગામી પગલુ મુંબઈને કવર આપવા માટે લેવામાં આવનાર છે. વોશિંગ્ટન, પેરિસ, લંડન અને તેલ અવીવ જેવા દુનિયાના કેટલાક શહેરોમાં મિસાઈલ શિલ્ડસ છે. ભારતના મિસાઈલ શીલ્ડ પ્રોગ્રામ છેલ્લા બે વર્ષોમાં સુસ્ત થઈ ગયા છે. આ કાર્યક્રમ વર્ષ ૨૦૦૬માં શરૂ કરવામાં આવ્યોહતોઅને વર્ષ ૨૦૦૯-૧૨ દરમિયાન તેના માટે કેટલાક ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. જોકે વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ના ગાળા દરમિયાન તેમાં ગતિ ધીમી પડી હતી. એપ્રિલ ૨૦૧૪માં એક ટેસ્ટ નિષ્ફળ રહેતા સ્થિતી વધારે ચિંતાજનક બની હતી.

અધિકારીએ કહ્યું છે કે મોદી સરકારે મેમાં સત્તા સંભાળી લીધા બાદ મિસાઈલ શિલ્ડ પ્રોગ્રામાં ફરી તેજી આવી છે. મોદી સરકારે ઝડપી કામગીરીનો આદેશ પણ કર્યો છે. આ ઈજરાયેલની મદદથી તૈયાર કરાયેલા રડાર છે. આ રડારમાં ૮૦૦ કિલોમીટરના અંતરથી મિસાઈલની ભાળ મળી જાય છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી મિસાઈલ ઈન્ટરસેપ્ટર યુનિટ્સ સ્થાપિત કરવામાં આવનાર છે. મિસાઈલ ટેસ્ટ નિયમિત રીતે કરવામાં આવનાર છે.

એર-ઈન્ડિયાના વિમાનમાં કોકપીટમાં મારામારી થઈ

મુંબઈ,તા. ૬

ઉડ્ડીયન સુરક્ષાને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે વધુ એક મામલો સપાટી પર આવ્યો છે. હવે વિમાન ઉડાણ ભરે તે પહેલાં જ કોકપીટની અંદર જ પાયલોટ અને સહપાયલોટ વચ્ચે મારામારીનો કિસ્સો સપાટી પર આવ્યો છે. જોકે, આ મામલે એરલાઈન્સે વધારે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, માત્ર બોલાચાલી થઈ હતી. પરંતુ આ વિવાદને ઉકેલી લેવાયો છે. બન્ને પાયલોટોને તપાસ પુરી ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાયા છે. આ બનાવના કારણે પ્રતિષ્ઠાને ભારે નુકશાન થયું છે. અહેવાલ મુજબ, એરઈન્ડિયાની ફ્લાઈટની અંદર આ બનાવ બન્યો હતો. આ ફ્લાઈટ જયપુરથી નવી દિલ્હી માટે ઉડાણ ભરનાર હતી. અહેવાલ મુજબ, એરબસ એ-૩૨૦ના સહપાયલટે આ ગુનો આચર્યો હતો અને કેપ્ટન પર હુમલો કરી દીધો હતો. જોકે ફ્લાઈટની રવાનગી સમયસર રહી હતી. કારણકે, કેપ્ટને એરલાઈન્સના હિતમાં આ નિર્ણય કર્યો હતો. જોકે એરલાઈન્સે આ બનાવને નજીવી દલીલ તરીકે ગણાવીને આને વધારે મહત્વ આપ્યું નથી. એરલાઈન્સના પ્રવક્તાનું કહેવું છે કે, માત્ર કમાન્ડર અને સહપાયલટ વચ્ચે કેટલાક મુદ્દે બોલાચાલી થઈ હતી. આ બનાવ એવા સમયે સપાટી પર આવ્યો છે જ્યારે જર્મન વીંગ વિમાની દુર્ઘટના હાલમાં જ બની હતી જેમાં આત્મઘાતી સહપાયલોટે વિમાનને જાણી જોઈને તોડી પાડ્યું હતું. આ બનાવમાં પણ હજુ તપાસ ચાલી રહી છે. બનાવથી સાબિત થાય છે કે પાયલોટ હાલમાં ભારે દબાણની સ્થિતિમાં છે. વારંવાર આને લઈને અહેવાલો પણ આવતા રહ્યા છે.

હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

તેણે એ પણ જાણવાનો પ્રયાસ કર્યો કે આ વનવાસીઓ પથ્થરમાં રહેલાં ડાયનાસોરના જીવાશ્મિઓ લઈ જવાની ના શા માટે પાડે છે. તો એક આશ્ચર્યજનક વાત જાણવા મળી. સવારે અમે કામ શરુ કર્યું ત્યારે જે બે ત્રણ નાગાંપુગાં બાળકો જોયેલા તેમને તેમના ઝુંપડે જઈને વાત કરતાં કોઈએ અફવા ફેલાવેલી કે જીપ લઈ કોઈ માણસો સોનું શોધવા આવ્યા છે. પથરા તોડીને ગોળ ગોળ પથરા લઈ જાય છે. તેમાં સોનું હોવું જોઈએ. આ વાત જંગલની આગની જેમ એક ડુંગરેથી બીજે ડુંગરે અને તળેટીમાં રહેલાં ઝુપડામાં બધે જ ફેલાઈ ગઈ હતી. તેના કારણે છૂટાછવાયાં ઝૂંપડાઓમાં રહેતા આદિવાસીઓનું આ ટોળું ભેગું થઈ અહીં આવી ગયું. તેમને ઈંડા જીપમાંથી ઉતરાવી નાખ્યા. ચાલીસ પચાસ માણસોનું ટોળું જીપની આજુબાજુ ઘેરીને ઊભું હતું. તેમાં પુરુષો ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો પણ હતા. તે બધા એ પરંપરાગત પોશાકો પહેરેલા હતા.

'હવે શું કરીશું?' મેં સૂચક નજરે ચંદ્રકાન્ત અને રઈજીભાઈ તરફ જોયું.

દૂર પાકી સડક પર એક માણસ પસાર થઈ રહ્યો હતો. તેણે પેન્ટ શર્ટ પહેરેલાં હતા. ચંદ્રકાન્ત ડામોરને તેમાં આશાનું કિરણ દેખાયું. તે અને રઈજીભાઈ સડક તરફ ચાલ્યા. અમે જીપ પાસે ઊભા હતા.

થોડીવાર તેની સાથે કંઈક ચર્ચા કર્યા પછી પેલા માણસને સાથે લઈ એ બંને અમારી તરફ આવ્યા.

પેલા માણસે ટોળામાંથી બે ત્રણ જણાને નામ લઈને બોલાવ્યા. અને નજીક આવતાં કંઈક કહ્યું. એ લોકો દૂર હોવાથી તેમની વચ્ચે શું વાત થઈ એ અમે સાંભળી શક્યા નહોતા. પણ આશ્ચર્યવચ્ચે ટોળાના આગેવાને ઈશારો કરતાં ટોળું આખું પાછું ફરી ચાલવા લાગ્યું.

ડાયનાસોરના ઈંડાના જીવાશ્મિઓ પેલો મોટો પથ્થર ટ્રેકટરમાં ભરવામાં મદદ કરવા જણાવતા કેટલાક આદિવાસી પુરુષો એ મદદ પણ કરી.

અમે એ બધું ભરીને રવાના થયા ત્યારે દિવસ આથમી રહ્યો હતો. અમે દાહોદ થઈ ગાંધીનગર તરફ પાછા ફરી રહ્યા હતા. ત્યારે મેં ડામોરને પેલા વ્યક્તિ બાબતે પુછ્યું, તેણે કહ્યું કે આ વિસ્તારનો જ છે અને શિક્ષક છે. તેને મેં ડાયનાસોર પાર્ક અને જીવાશ્મિઓ બાબતે સમજાવતાં તેણે ટોળાના આગેવાનને સમજાવી દીધો.

'વાહ' વનવાસી વિસ્તારમાં પણ શિક્ષકનું કેટલું માન છે. એ વિચાર અમે કરતાં હતા. અમારી જીપ ગાંધીનગર તરફ જતા પાકા ડામરના રોડ પર પુરઝડપે ગંતવ્ય સ્થળે પહોંચવા દોડી રહી હતી.

પ્રથમ નેશનલ એરક્વોલિટી ઈન્ડેક્સ લોન્ચ કરાતા ઉત્સુકતા

ભારત પર્યાવરણ રક્ષણમાં નેતૃત્વ કરવા સંપૂર્ણપણે તૈયાર છે : મોદી

નવી દિલ્હી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એરક્વાલિટી ઈન્ડેક્સની શરૂઆત કરાવી હતી અને કહ્યું હતું કે ભારત પર્યાવરણની સુરક્ષા અને રક્ષણમાં નેતૃત્વ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. બે દિવસીય પર્યાવરણ મંત્રાલયની રાષ્ટ્રીય પરિષદની શરૂઆત કરાવતીવેળા મોદીએ વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. આ પરિષદમાં પ્રવર્તમાન ગ્રીન કાયદાઓમાં સુધારાઓ કરતા પહેલાં જુદા-જુદા રાજ્યો અને સંબંધિતો સાથે વાતચીત કરવામાં આવનાર છે. આ ઈન્ડેક્સ હાલમાં ૧૦ શહેરોમાં ઉપલબ્ધ થશે. આ ઈન્ડેક્સ વાસ્તવિક સમયમાં હવામાં રહેલા પ્રદૂષણના સંબંધમાં માહિતી આપશે. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યું હતું કે, આ પરિષદ વિસ્તૃત ચર્ચા માટે એક પ્લેટફોર્મ તરીકે રહેશે. જેમાં ભવિષ્યમાં નિતિઓ ઘડી કાઢવામાં આવશે. કુદરતના મહત્વ પર ભાર મુકતા તેમણે કહ્યું હતું કે, અમે એક

એવા દેશમાં ઉછરી રહ્યા છીએ જ્યાં પર્યાવરણ સુરક્ષા માનવીની ભાવના સાથે જોડાયેલી છે. કુદરતને ભગવાનના સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે. ભારતીય પરંપરાના મહત્વપૂર્ણ પાસા તરીકે કુદરતના જતનને ગણવામાં આવે છે. ભારતીયોએ કુદરત તરફ પણ ગંભીર બનવાની જરૂર છે. પર્યાવરણ તરફ ધ્યાન આપવાની જરૂર છે. લાઈફસ્ટાઈલમાં જો ફેરફાર લાવવામાં આવશે તો તમામ સફળતા હાથ લાગશે. ભારત પર્યાવરણની સુરક્ષા, પરમાણુ ઉર્જા, નેતૃત્વ કરવા તૈયાર છે. અસરકારક વેસ્ટ મેનેજમેન્ટ ઉપર ભાર મુક્તાં મોદીએ કહ્યું હતું કે, ભારત સરકાર પોતે પણ ખૂબ ગંભીર દેખાઈ રહી છે. આરોગ્યને લઈને પણ સરકાર ચિંતિત છે. મોદીએ ગંગાને સ્વચ્છ કરવાના મુદ્દા ઉપર પણ વાત કરી હતી અને કહ્યું હતું કે આનાથી વૈશ્વિક સ્તરે ભારતની છાપ સુધરશે. ગંગા નદિના કિનારે રહેતા લોકો અને કિનારે આવેલા શહેરોના લોકો સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈ ચુકયા છે. જો અમે ગંગાના પ્રદૂષણને રોકીશું તો અમે વિશ્વ સમક્ષ અમે એવી ભાવના વિકસીત કરી શકીશું કે પર્યાવરણના જતન માટે ભારત સંપૂર્ણપણે તૈયાર છે. કેટલાક વિક્સિત દેશોની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, પર્યાવરણ સુરક્ષા અંગે ભાષણ આપતા લોકો ક્લીન એનર્જી માટે ન્યુક્લિયર ફ્યુઅલ આપવાનો ઈન્કાર કરી રહ્યા છે.

શારદા કૌભાંડ : ટીએમસીને સીબીઆઈએ નોટિસ આપી

કોલકત્તા,તા. ૬

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભારે ભૂકંપ સર્જનાર શારદાચીટ ફંડ કૌભાંડના મામલામાં તપાસ કરી રહેલી સીબીઆઈએ શાસક તૃણમૂલ કોંગ્રેસને નોટીસ ફટકારી હતી અને વર્ષ ૨૦૧૦-૧૪ દરમિયાન પાર્ટીમાંથી તમામ પ્રકારની આવક અને ખર્ચની વિગતની માંગ કરવામાં આવી છે. આ વિગતમાં ડોનેશન, જાહેરાત, પાર્ટીના મુખપત્ર જાગો બંગ્લાના વેચાણ, પેઈન્ટિંગના વેચાણ જેવી બાબતનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, નોટીસ ટીએમસીના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી સુબ્રતા બક્સીને પણ મોકલવામાં આવી છે. સ્પીડ પોસ્ટ મારફતે આ નોટિસ મોકલવામાં આવી છે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જીએ હાલમાં જ જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. ટીએમસી ભવનમાં સીબીઆઈના ફોન કોલના મામલે મમતાએ નારાજગી વ્યક્ત કરી હતી. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, નોટિસ ક્રિમીનલ પ્રોસીડર કોડની કલમ હેઠળ મોકલવામાં આવી છે. મમતા બેનર્જીના પેઈન્ટિંગના વેચાણનો તપાસ સંસ્થાએ સીધી રીતે ઉલ્લેખ કર્યો નથી. એવું જાણવા મળી રહ્યું છે કે, આ મામલે કેટલીક નવી વિગતો હજુ પણ સપાટી પર આવી શકે છે. સીબીઆઈ દ્વારા શારદા ચીટફંડ કૌભાંડના સંબંધમાં તૃણમુલ કોંગ્રેસના નેતાઓની આકરી પુછપરછ પણ કરી છે. એપ્રિલ ૨૦૧૩માં સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો. કંપનીએ શ્રેણીબદ્ધ પગલા લઈ તથા સાથે-સાથે ગ્રાહકો સાથે છેતરપીંડી આચરીને ઠગાઈ કરી હતી. આ મામલામાં અનેક રાજકારણીઓના નામ સપાટી પર આવી ચુકયા છે. ખાસ કરીને ટીએમસીના લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

એન્ડી મરેને હરાવીને જોકોવિકે મિયામી માસ્ટરનો તાજ જીત્યો

મિયામી,તા. ૬

વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિકે પ્રતિષ્ઠિત મિયામી માસ્ટર્સ ટેનિસમાં પાંચમી વખત પુરૂષોના વર્ગમાં તાજ જીતી લીધો છે. ફાઈનલ મેચમાં જોકોવિકે તેના નજીકના હરિફ અને સ્કોટીશ ખેલાડી એન્ડી મર પર ૭-૬, ૪-૬ અને ૬-૦થી જીત મેળવી હતી. સર્બિયાના જોકોવિકે સમગ્ર મેચ દરમિયાન જોરદાર રમત રમી હતી. આની સાથે જ જોકોવિકની લીડ હવે મરે સામે ૧૮-૮ થઈ ગઈ છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપની ફાઈનલમાં મરે પર જોકોવિકે જીત મેળવી હતી.

ત્યારબાદ ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સમાં પણ જીત મેળવી હતી. જોકોવીકે ઈન્ડિયન વેલ્સ-મિયામી માસ્ટર્સમા ત્રણ વખત સપાટો બોલાવ્યો છે. વર્લ્ડ રેન્કિંગમાં હવે મરે ત્રીજા ક્રમાકે પહોંચી જશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહિલા વર્ગમાં પ્રથમ ક્રમાંકિત મહિલા ટેનિસ ખેલાડી સેરેના વિલીયમ્સે આઠમી વખતે મિયામી ડબલ્યુટીએનો તાજ જીતીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. સ્પેનની કાર્લા સુઆરેઝ ઉપર સેરેના વિલીયમ્સે સીધા સેટમાં ૬-૨,૬-૦થી જીત મેળવી હતી. આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં ૧૯મી ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા જીતી ચુકેલી ૩૩ વર્ષીય અમેરિકી સ્ટારે સતત ત્રીજી વખત આ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. સેરેના વિલીયમ્સે ગયા વર્ષે જ સૌથી વધુ વખત મિયામી ટ્રોફી જીતવા માટેના સ્ટેફીગ્રાફના રેકોર્ડને તોડી દીધો હતો. શનિવારના દિવસે તે ઓછામાં ઓછી ૮ વખત સ્પર્ધા જીતનાર સ્ટેફીગ્રાફ, માર્ટીના નવરાતીલોવા, ક્રિસ એવર્ટ સાથે ઓપનએરાના ખેલાડીઓમાં જોડાઈ ગઈ હતી. સ્ટેફીગ્રાફે બર્લીનમાં ૯ વખત ટ્રોફી જીતી છે. જ્યારે ક્રિસ એવર્ટે ૮ વખત અને નવરાતીલોવાએ ૮ વખત આ ટ્રોફી જીતી છે.

અનેક અપેક્ષાઓ વચ્ચે આજે પોલીસી સમીક્ષા જારી કરાશે

મુંબઈ, તા. ૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની નાણાંકીય નિતી સમીક્ષા આવતીકાલે મંગળવારે જારી કરવામાં આવનાર છે. શેરબજાર અને ઉદ્યોગ જગતની જુદી જુદી આશા વચ્ચે પોલીસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. મોટા ભાગના જાણકાર લોકો કહી રહ્યા છે કે આ વખતે આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન પોલીસી રેપો રેટને યથાવત ૭.૫૦ ટકાના દરે જાળવી રાખશે. જો કે કેટલાક કાપની આશા પણ રાખી રહ્યા છે.નાણાં પ્રધાન અરૂણ જેટલીએ ફેબ્રુઆરી મહિનામાં જ સંપૂર્ણ બજેટ રજૂ કર્યા બાદ પ્રથમ પોલીસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. વર્તમાન નાણાંકીય વર્ષની તેની પ્રથમ દ્વિમાસિક નીતી સમીક્ષા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. છેલ્લી પોલીસી સમીક્ષા ત્રીજી ફેબ્રુઆરીના દિવસે જારી કરવામાં આવી હતી. તમામ પાસાને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય સેલા રાજન ઈચ્છુક છે. બે વર્ષ સુધી કઠોર વલણ બાદ આ વર્ષે રેટમાં કાપની શરૂઆત આરબીઆઈએ કરી છે. ત્રીજી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને તમામ આર્થિક નિષ્ણાંતો અને બેંકરોની ગણતરીની ઉંધી વાળી દઈને વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. તમામ ચાવીરૂપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. જેમાં રેપો રેટને ૭.૫૦ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. જ્યારે રિવર્સ રેપો રેટ ૬.૭૫ ટકા રાખવામાં આવ્યો છે. જો કે એસએલઆરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. સીઆરઆરને યથાવત ૪ ટકી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એમએસએફઆરને ૮.૭૫ ટકાના રેટ ઉપર રાખવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી પહેલા ૧૫મી જાન્યુઆરીના દિવસે છેલ્લી નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરાઈ હતી. જેમાં રેપોરેટમાં ઘટાડો કરીને તમામને રઘુરામ રાજને ચોંકાવી દીધા હતા. આરબીઆઈ પોલીસી રેટમાં ઘટાડો કરશે તેવી ચર્ચા ચાલી રહી છે. છેલ્લા ૨૦ મહિના સુધી નાણાંકીય મોરચે કઠોર વલણ અપનાવ્યા બાદ ગયા મહિને જ આરબીઆઈએ તમામને ચોંકાવી દઈને પોલિસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.પરંતુ ત્યારબાદ ફેબ્રુઆરીમાં રેપો રેટને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈની આજની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા ઉપર તમામ અર્થશાસ્ત્રીઓ અને શેરબજારની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. લોન સસ્તી થાય તેવી અપેક્ષા સામાન્ય લોકો રાખી રહ્યા છે.

સમાચાર ઝલક

- નવસારીમાં બિરલા પરિવારે પુત્રીના મોતનો શોક મનાવવાના બદલે રકતદાન કેમ્પ યોજયો.
- તલાલામાં કેસર કેરીનો ૯૦ ટકા પાક કમોસમી વરસાદના કારણે નાશ પામ્યો.
- પોરબંદરના શ્રી જયેશ હિંગળાજીને ગાંધીજીનું ગોલ્ડન સ્ટેચ્યુ બનાવનારને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન.
- અમદાવાદના વેપારી શ્રી પંકજ બોરસીયા યમનમાં ફસાયા. ભયાનક દારૂણ પરિસ્થિતિ.
- અમરેલીના દરિયા કાંઠે ભોપાલ જેવી ગેસ દુર્ઘટના થવાના અંધાણથી ફફડાટ.
- નવસારીમાં મોબાઈલ ચોરતું શિક્ષક દંપતી.
- ફળફળાદિની કિંમતમાં ૨૦ ટકાનો વધારો.
- મધ્યપ્રદેશમાં રેતી માફિયાઓએ પોલીસ કોન્સ્ટેબલને કચડી નાંખ્યો.
- દર વર્ષે ૪૦ લાખ બાળકો જન્મના ૧૮ દિવસમાં મોત પામે છે.
- ભારતીય ચોમાસામાં અલનીનોની અસર રહેશે.